ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૨૯/૨૧–૨૨/ ૩૦૬૬ તારીખ : 13 OCT 2021

આર.પી.એ.ડી.

કેસ નં.૨૯/૨૧–૨૨

પ્રતિ,
**શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા,**
**મું.જામવાળા ગીર,**
**તા.ગીર ગઢડા,**
**જી.ગીર સોમનાથ,**
**મો.નં–૭૦૪૬૮ ૦૦૪૬૫**

**વિષય : વાવાઝોડા દરમ્યાન બંધ થયેલ વિજ પુરવઠો ચાલુ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૦/૦૭/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૧–૨૨/૨૧૮૪ તા.૨૬/૦૭/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૧–૨૨/૨૫૧૧ તા.૨૪/૦૮/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૧–૨૨/૨૮૮૦ તા.૨૪/૦૯/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૫/૧૦/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ઉના.
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાનાઃ–
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગીર ગઢડા.**

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૯/૨૧-૨૨** ☜

વાદી :- **શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ- તા.૦૫/૧૦/૨૦૨૧** ◈

હાજર રહયા :- **શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :- **શ્રી ડી.એમ.દેસાઈ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા, મું.જામવાળા ગીર, તા.ગીર ગઢડા, જી.ગીર સોમનાથ ની વાવાઝોડા દરમ્યાન બંધ થયેલ વિજ પુરવઠો ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૯/૨૧-૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૯/૨૧-૨૨/૨૧૮૪ તા.૨૬/૦૭/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૮/૦૯/૨૦૨૧ તથા તા.૦૫/૧૦/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૫/૧૦/૨૦૨૧** ના રોજ વાદી પોતે શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ડી.એમ.દેસાઈ, નાયબ ઈજનેર,વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા, મું. જામવાળા, તા.ગીર ગઢડા દ્વારા કરવામાં આવેલ ફરીયાદ માં જણાવ્યા મુજબ ખેડૂત ખાતેદાર શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી તેમના શેઢા પાડોશી છે.

૧.૨ ખેડૂત ખાતેદાર શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી એ નવા વિજ જોડાણ ની માંગણી કરેલ છે.

૧.૩ સદર સ્થળ પર વિજ જોડાણ ને નડતર રૂપ પ્રતિબંધીત વૃક્ષો આવેલા છે. જેથી, વિજ જોડાણ ચાલુ કરવું નહી.

૧.૪ વાદીશ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા તથા શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી વચ્ચે જમીન ની હદ, રસ્તા માલીકી ના પ્રશ્નો હોવાથી, તેમને નવિન વિજ જોડાણ ન આપવું તેમ ઉપરોકત ફરીયાદ માં જણાવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ સવિનય ઉપરોક્ત વાદીશ્રી ની રજૂઆત ના અનુસંધાને જણાવવાનું કે, સદર સ્થળ જામવાળા અને ઘાંટવડ ગામ ની સીમમાં આવેલ છે.

૨.૨ અરજદારશ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા ની જમીન જામવાળા ગામ એટલે ગીર ગઢડા સ.ડી અને શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી ની જમીન ઘાંટવડ ગામ એટલે કે, કોડીનાર–ર સ.ડિ હેઠળ આવેલ છે.

૨.૩ કોડીનાર–ર સ.ડિ દ્વારા ગ્રાહક શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી ના નવિન વિજ જોડાણ ના લાઈનકામ ની કામગીરી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ને આધિન પૂર્ણ કરેલ છે. જેમાં, હાલ કોઈ પ્રતિબંધિત વૃક્ષ વિજ લાઈન ને નડતર રૂપ નથી અને સદર બાબતે સ્થળ પર જઈ પંચો ની હાજરીમાં રોજકામ કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે.

૨.૪ વધુમાં, સદર બંને ખેડૂત ખાતેદાર વચ્ચે જમીન ની હદ રસ્તા માલીકી ના પ્રશ્નો હોય, જે બાબતે મામલતદારશ્રી દ્વારા કરાયેલ વચગાળાના હુકમ માં પણ વિજ જોડાણ બાબતે કોઈ ઉલ્લેખ નથી.

૨.૫ આમ, નાયબ ઈજનેરશ્રી, કોડીનાર–ર તેમજ ગીર ગઢડા દ્વારા સ્થળ પર જઈ અરજદારશ્રી ને સમજ આપેલ છે. તેમજ સવાલવાળી જમીન માલીકી ના પુરાવા રજૂ કરવા જણાવેલ છે. જેથી, સદર બાબતે આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

૨.૬ શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી ના નવિન વિજ જોડાણ માટે ઉભી કરવામાં આવેલ લાઈન બાબતે ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા દ્વારા લેખિત માં અરજી કરી લાઈન ચાલુ ન કરવા જણાવેલ હોય, જેથી, શ્રી ભનુભાઈ ધનાભાઈ અભંગી ના સદર વિજ જોડાણ ના પાવર સપ્લાય ચાલુ કરેલ નથી. ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા દ્વારા સદર વિજ લાઈન માં તેમની માલીકી ના ઝાડ નડતર રૂપ હોવાનું અને ભનુભાઈ ધનાભાઈ અભંગી દ્વારા તેમના ઝાડ કાપી નાંખેલ હોવાનું જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા એ ફોરમને રજૂઆત કરેલ છે કે, પ્રતિવાદી દ્વારા તેઓની બાજુના જમીનમાં માલીક ભનુભાઈ ધનાભાઈ અભંગી ને પ્રતિબંધીત ઝાડ ને નડતર રૂપ હોવા છતાં લાઈન ઉભી કરેલ છે.

૩.૨ પ્રતિવાદીએ ભનુભાઈ ધનાભાઈ અભંગી ને તેઓએ આપેલ દસ્તાવેજી પુરાવાઓ તપાસી અને ભગુભાઈની માલીકી ની જમીનમાંથી લાઈન પસાર થાય તે રીતે લાઈન ઉભી કરેલ છે. પરંતુ, વાદી અરજદાર ધીરૂભાઈ ભનુભાઈ ગઢીયા ની લાઈન ચાલુ કરવા સામે વાંધો હોવાથી, લાઈનમાં વિજ પુરવઠો ચાલુ કરેલ નથી.

૩.૩ વાદી અરજદાર તેમજ ભનુભાઈ ધનાભાઈ અભંગી ને જમીન માપણી અંગે તેમજ માલીકી અંગે તકરાર હોઈ, કોડીનાર મામલતદાર કોડીનાર ની કોર્ટ માં, કોડીનાર તા.૬/૪/૨૦૨૧ ના રોજ બંને તકરારીઓને જમીન માપણી કરાવવા માટેનો હુકમ કરેલ.

૩.૪ આજરોજ સુનાવણી દરમ્યાન વાદી અરજદારે ફોરમને જણાવેલ કે, તેઓની જમીનમાં ઉગાડેલ ૩ વૃક્ષને ધનુભાઈ એ કાપી નાંખેલ. જેથી, વાદીએ ભનુભાઈ સામે જંગલ ખાતામાં, પોલીસ ખાતામાં અને મામલતદારશ્રી ને ફરીયાદ કરેલ છે.

૩.૫ પ્રતિવાદી ફોરમને જણાવેલ છે કે, ભનુભાઈ ધનાભાઈ તેમજ ધીરૂભાઈ ગઢીયા ની વચ્ચે તકરાર હોય, પ્રતિવાદી એ લાઈનમાં વિજ પુરવઠો જોડેલ નથી અને ભનુભાઈ નું વિજ જોડાણ ચાલુ કરેલ નથી.

૩.૬ ઉપર મુજબ ના અવલોકન તેમજ ફોરમ સમક્ષ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી તારણ કરવામાં આવે છે કે, વાદી અરજદાર પ્રતિવાદી ના [illegible] ગ્રાહક નથી. તેમજ ગ્રાહક થવા માટે તેઓએ કોઈ અરજી પણ કરેલ નથી. તેમજ સમગ્ર બાબત જમીન ની તકરાર તેમજ ઝાડ કાપવા અંગેની તકરાર હોય, તે ફરીયાદ ની વ્યાખ્યામાં આ બાબત આવતી નથી માટે ફોરમે આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

...ance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ( ગેરહાજર ) | |
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **(એ.એ.જાડેજા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૫/૧૦/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.